| | | | |
|---|---|---|---|
| કેસ દાખલ તારીખ | ૨૭–૦૨–૨૦૨૬ | | |
| કેસ નોંધણી તારીખ | ૨૭–૦૨–૨૦૨૬ | | |
| કેસ ફેંસલ તારીખ | ૦૭–૦૨–૨૦૨૬ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | |

---

**મહેરબાન વ્યારાના અધિક સેશન્સ જજ (એ.બી.ભોજક) સાહેબની કોર્ટમાં,**

**તાપી મું.વ્યારા.**

---

**<u>ક્રિમી.પરચુ. અરજી નં.૭૦/૨૦૨૬.</u>**

આંક :–......................

અરજદાર :– બીકી ભુયાન ખગેશ્વર,
રહે. ગામ હાતીગઢ,
કરચુંગ સતરા પોસ્ટ બાલીગાંવ,
નૌગાંવ, આસામ

**....વિરૂધ્ધ....**

સામાવાળા :– શ્રી સરકાર.

અરજદાર/આરોપી તરફે વિ.વ. શ્રી આર.બી.ભાવસાર

સામાવાળા સરકારશ્રી તરફે વિ.સરકારી વ.શ્રી એસ.બી.પંચોલી

**–<u>: : ચૂકાદો : :</u>–**

(૧) હાલના અરજદારે સાયબર ક્રાઈમ તાપી પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧ ૮૨ ૪૦૧૦૨૫૦૦૧૦/૨૦૨૫, બી.એન.એસ. ની કલમ–૩૧૭(૨), ૩૧૭(૪), ૩૧૮(૪), ૩૧૯(૨), ૬૧(૨)(અ), ૩(૫) તથા ધી આઈ. ટી. એકટની કલમ–૬૬(ડી) મુજબના ગુનાના કામે અરજીમાં જણાવેલ કારણસર પોતાની ધરપકડ થવાની સંભાવના હોય હાલની

ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૪૮૨ હેઠળ આગોતરા જામીન અરજી કરેલી છે.

(૨) અરજી દાખલ થતા સામાવાળાને નોટીસ કરવામાં આવેલ છે. સામાવાળા તરફે વિ.સરકારી વકીલશ્રી હાજર રહેલા છે. અરજદાર તરફે વિ.વ.શ્રીની તથા સામાવાળા તરફે વિ.સરકારી વ.શ્રીની દલીલો સાંભળી. અરજદાર તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા તથા તપાસ કરનાર અમલદારનું સોગંદનામું તથા પોલીસ તપાસના કાગળો વં ચાણે લીધા.

(૩) અરજદારના વિ.વ.શ્રીની અરજી મુજબની રજુઆત છે. વિશેષમાં એવી રજુઆત કરેલી છે કે, સાયબર ક્રાઈમ તાપી પોલીસ સ્ટેશન ગુ.ર.નં .૧૧૮૨ ૪૦૧૦૨૫૦૦૧૦/૨૦૨૫, બી.એન.એસ. ની કલમ-૩૧ ૭(૨), ૩૧૭(૪), ૩૧૮(૪), ૩૧૯(૨), ૬૧(૨)(અ), ૩(૫) તથા ધી આઈ. ટી. એકટની કલમ-૬૬(ડી) મુજબના કામે અરજદારની ધરપકડ થવાની સંભાવના હોય હાલની અરજી કરેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, અરજદારનુ નામ એફ.આઈ.આર.માં નથી, અરજદારે કોઈ ગુનામાં ભાગ ભજવેલ નથી, આરોપીના કબજામાંથી કોઈ મુદ્દામાલ મળી આવેલ નથી, ફેબ્રુઆરીના પહેલા અઠવાડીયામાં આસામ પોલીસના કેટલાક પોલીસ કર્મચારીઓ અરજદારના ઘરે ગયા હતા અને તેમના પરીવારના સભ્યોને જાણ કરેલ હતી કે અરજદારે ઉપરોકત ગુના અન્વયે તેમનુ નિવેદન નોંધવુ જરૂરી છે. તે સમયે અરજદાર હાજર ન હતા. અરજદાર ને આજદિન સુધી ભા.ના.સુ.સંહિતાની કલમ-૨૦૨૩ ની કલમ-૩૫(૧) હેઠળ કોઈ સુચના કે નોટીસ આપવામાં આવેલ

નથી. અરજદાર નાની વયના ઈસમ છે અને હાલમાં અભ્યાસ કરી રહયા છે. અરજદારને એફ..આઈ.આર.માં નામ આપવામાં આવેલ આરોપીઓ સાથે કોઈ લેવાદેવા નથી. અરજદાર ત.ક.અ.ને તેમના બેંક ખાતાના સ્ટેટમેન્ટ આપવા તૈયાર છે. એફ.આઈ.આર. વંચાણે લેતા હાલના અરજદારનુ નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી કે અરજદારની કોઈ ભુમિકા દર્શાવેલ નથી. અરજદારની માતા દમ જેવી ગંભીર બીમારીથી પીડાય રહયા છે. અરજદારનુ કોઈ ગુનાહીત ભુતકાળ નથી. તેમજ અરજીમાં બતાવેલ સરનામા પર રહેતા આવેલ છે, અરજદાર નિર્દોષ છે, આરોપી સામે કોઈ પ્રથમદર્શનીય કેસ નથી, કહેવાતો કોઈ ગુનો કરેલ નથી, અરજદારના કબજામાંથી કોઈ કહેવાતો મુદ્દામાલ કબજે કરવામાં આવેલ નથી, અરજદારને હાલના ગુનામાં અટક કરવામાં આવશે તો કારકીર્દી બગડે તેમ છે, અરજદારને આગોતરા જામીન પર મુકત કરવામાં આવે તો કયાંય નાસી ભાગી જશે નહી અને પોલીસ તપાસના કામે સહકાર આપશે તેમજ નામદાર અદાલતમાં હાજર રહેશે અને આગોતરા જામીન પર મુકત કરવાથી પોલીસ તપાસમાં કોઈ નુકશાન થાય તેમ નથી, આ ગુનાના કામે અરજદારની ધરપકડ થવાની સંભાવના હોય બી.એન.એસ.ની કલમ–૪૮૨ હેઠળ આગોતરા જામીન ઉપર મુકત કરવા અરજ ગુજારેલ છે. તેમજ અરજદારના વિ.વ.શ્રીનાએ નામદાર સુપ્રિમ કોર્ટના જોગીન્દર કુમાર વિ. યુ.પી. અને બીજાઓ તથા સિધ્ધરામ મહેત્રે વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર અને બીજાઓના ચુકાદા પર આધાર રાખેલ છે. તેમજ અરજદારના કોલેજના ઓળખપત્ર તથા તેના માતાની સારવારના કેસ પેપર્સ રજુ રાખેલ છે.

(૪) જયારે સરકારશ્રી તરફે વિ.સરકારી વકીલશ્રીએ જામીન અરજીનો વિરોધ કરતા જણાવેલ છે કે, અગાઉ પકડાયેલ સહઆરોપી ગામીત વિશાલકુમાર રાજેન્દ્રભાઈ તથા આરોપી નિસર્ગ અનિલભાઈ ગામીત, સહઆરોપી જહોનસન હિરાભાઈ ગામીતનાઓ દ્વારા અલગ અલગ બેંકોમાં બેંક એકાઉન્ટ ખોલાવડાવી ઈન્ટરનેટ બેંકીંગ શરૂ કરાવી તે બેંક એકાઉન્ટૉમાં સાયબર ફ્રોડ/ઠગાઈના નાણા સગવગે કરવા સારૂ સહઆરોપી ગેનુસિંઘ મોબાઈલ પર તથા તે સિવાય અલગ અલગ એકાઉન્ટના ઉપયોગ કરનાર અજાણી વ્યક્તિ ઓએ પ્રત્યક્ષ કે પરોક્ષ નાણાકીય લાભ મેળવવા સદર બેંક એકાઉન્ટ ની કીટો આગળ તેમના મળતીયાઓને આપી ભારતના અલગ અલગ રાજ્યમાં સાયબર ફ્રોડનો ભોગ બનેલા લોકો પાસેથી છેતરપીંડી કરી કોઈપણ રીતે સાયબર ફ્રોડના નાણા ઓનલાઈન જેમાં ICICI BANK માં એકાઉન્ટ નં 139505500581 માંથી ૧,૪૫, ૩૧,૦૦૬/-(એક કરોડ ૪૫ લાખ એકત્રીસ હજાર અને ૬ રૂપીયા) સહીતના અલગ અલગ બેંક એકાઉન્ટો જે પોલીસ તપાસમાં મળી આવે તે તમામ બેંક એકાઉન્ટો મેળવી આગળ તેમના મળતીયાઓને પહોંચાડી છેતરપીંડી કરી ગુનાહિત કાવતરૂ રચી પોતાનો સમાન ઈરાદો પાર પાડી સાઈબર ગુનો કરેલ છે. આસામ પોલીસ દ્વારા આરોપીના ઘરે તપાસ કરતા ઘરે મળી આવેલ નહી. આમ,ત.ક.અધિકારીનું સોંગદનામુ જોતા આરોપી હાલ નાસતો ફરતો હોય, જેથી હાલના આરોપીને જામીન પર છોડવામાં આવે તો હાજરી મળવાની શકયતા નથી, જો આરોપીને જામીન પર છોડવામાં આવે તો પોલીસ કે કાયદાનો ભય કે ડર રહેશે નહી, ગેરકાયદેસર પ્રવૃતીને વેગ મળે તેમજ ફરી આ પ્રકારની ગુનાહીત પ્રવૃતિ ચાલુ રાખે તેવી શકયતા છે, તેમજ આરોપી આસામ રાજયના રહેવાસી હોય

ન્યાયિક પ્રક્રિયા વખતે હાજરી ન મળે તેવી પણ શકયતા રહેલી છે. ત.ક.અધિકારીએ જામીન અરજીનો વિરોધ કરવા કરેલ સોગંદનામા ની હકીકતો તથા આરોપી સામે આક્ષેપાયેલ ગુનાની સજાની જોગવાઈ જોતા આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) સમગ્ર રજુઆતો તથા પોલીસ તપાસના કાગળો તેમજ ત.ક.અધિકારી નું આ અરજીના વિરોધમાં કરવામાં આવેલ સોગંદનામું તથા અરજીના કામે આરોપી તરફે રજુ થયેલ સમગ્ર રેકર્ડ ધ્યાને લેવામાં આવેલ છે.

(૬) જયાં સુધી આગોતરા જામીન અરજીનો સવાલ છે ત્યાં સુધી નામદાર સુપ્રીમ કોર્ટના SIDHHARAM SAPLINGAPPA MEHETRE V/s STATE OF MAHARASTRA, નો ચુકાદો ધ્યાને લેવો જરૂરી છે અને ખાસ કરીને આગોતરા જામીન અરજી અંગેના પેરામીટર્સ નામદાર સુપ્રિમ કોર્ટે નીચે મુજબ જણાવેલ છે કે, object and reason of provision of Sec.438 of Cr.P.C., is to protect the citizen from false and frivolous complaint and arrest therein. In this judgment, in Para 122 of the judgment, the Honourable Supreme Court has observed factors and parameters, which can be taken into consideration while dealing with the anticipatory bail.

(i) The nature and gravity of the accusation and the exact role of the accused must be properly comprehended before arrest is made.

(ii) The antecedents of the applicant including the fact as to whether the accused has previously undergone imprisonment on conviction by a Court in respect of any cognizable offence.

(iii) The possibility of the applicant to flee from justice.

(iv) The possibility of the accused"s likelihood to repeat similar or the other offences.

(v) Whether, the accusation have been made only with the object of injuring or humiliating the applicant by arresting him or her;

(vi) Impact of grant of anticipatory bail particularly in the cases of large magnitude affecting a very large number of people;

(vii) The Courts must evaluate the entire available material against the accused very carefully. The Court must also clearly comprehend the exact role of the accused in the case. The cases in which accused in implicated with the help of Sec.34 & 39 of the Indian Penal code, the Court should consider with even greater care and caution because over implication in the cases is a matter of common knowledge and concern;

(viii) While considering the prayer for grant of anticipatory bail, a balance has to be struck between two factors namely, no prejudice should be caused to the free, fair and full investigation and there should be prevention of harassment, humiliation and unjustified detention of the accused.

(ix) The Court to consider reasonable apprehension of the tempering of the witness of apprehension of threat to the complainant; and

(x) Frivolity in prosecution should always be considered and it is only the element of genuineness that shall have be considered in the matter of grant of bail and in the event of there being some doubt as to the genuineness of the prosecution, in the normal course of events, the accused is entitled to an order of bail.

(૭) ઉપરોકત પેરામીટર્સ ધ્યાને લેતા આ કેસની હકીકત મુજબ આરોપી સામે બી.એન.એસ. ની કલમ–૩૧૭(૨), ૩૧૭(૪), ૩૧૮(૪), ૩૧૯(૨), ૬૧(૨)(અ), ૩(૫) તથા ધી આઈ. ટી. એકટની કલમ–૬૬(ડી) મુજબનો ગુનો નોંધાયેલ છે. જેમા અગાઉ પકડાયેલ સહઆરોપી ગામીત વિશાલકુમાર રાજેન્દ્રભાઈ તથા આરોપી નિસર્ગ અનિલભાઈ ગામીત, સહઆરોપી જહોનસન હિરાભાઈ ગામીતનાઓ દ્વારા અલગ અલગ બેંકોમાં બેંક એકાઉન્ટ ખોલાવડાવી ઈન્ટરનેટ બેંકીંગ શરૂ કરાવી તે બેંક એકાઉન્ટૉમાં સાયબર ફ્રોડ/ઠગાઈના નાણા સગવગે કરવા સારૂ સહઆરોપી ગેનુસિંઘ મો.નં. +૯૧ ૭૭*** ૫૫*** તથા તે સિવાય અલગ અલગ એકાઉન્ટના ઉપયોગ કરનાર અજાણી વ્યક્તિ ઓએ પ્રત્યક્ષ કે પરોક્ષ નાણાકીય લાભ મેળવવા સદર બેંક એકાઉન્ટ ની કીટો આગળ તેમના મળતીયાઓને આપી ભારતના અલગ અલગ રાજ્યમાં સાયબર ફ્રોડનો ભોગ બનેલા લોકો પાસેથી છેતરપીંડી કરી કોઈપણ રીતે સાયબર ફ્રોડના નાણા ઓનલાઈન જેમાં ICICI BANK માં એકાઉન્ટ નં 139505500581 માંથી ૧,૭૫, ૩૧,૦૦૬/–(એક કરોડ ૭૫ લાખ એકત્રીસ હજાર અને ૬ રૂપીયા) સહીતના અલગ અલગ બેંક એકાઉન્ટો જે પોલીસ તપાસમાં મળી આવે તે તમામ બેંક એકાઉન્ટો મેળવી આગળ તેમના મળતીયાઓને પહોંચાડી છેતરપીંડી કરી ગુનાહિત કાવતરૂ રચી પોતાનો સમાન ઈરાદો પાર પાડી સાઈબર ગુનો કર્યાનો આક્ષેપ છે.

વધુમાં સદર ગુનાની તપાસ દરમ્યાન અલગ અલગ બેંક એકાઉન્ટો જેમાં સહ આરોપી વિશાલ ગામીત ના કરંટ ICICI BANK બેંક એકાઉન્ટ ને 139505500581 માં ૧૯/૧૧/૨૦૨૫ દરમ્યાનમાં ૧,૭૫,૩૧,૦૦૬/–(એક કરોડ ૭૫ લાખ એકત્રીસ હજાર અને ક રૂપીયા)ના જેટલી માતબર રકમનું ટ્રાન્ઝેકશન થયેલ જે એકાઉન્ટ અગાઉ પકડાયેલ આરોપીઓ નાઓને અરજદાર/આરોપી

દ્વારા વોન્ટેડ આરોપી ગેનુસિંઘ નાની સાથે મળી ટ્રાન્જેકશન દીઠ ૨૦% કમિશન આપવાનું જણાવી વોન્ટેડ આરોપી ગેનુસિંઘ તથા અગાઉ પકડાયેલ આરોપીઓને આસામના ગુવાહાટી શહેર ખાતે બોલાવી તેઓને ગુવાહાટી ખાતે હોટલ મેપલ સ્ટે ખાતે રહેઠાણ આપી આ એકાઉન્ટની વિગત મેળવી તા.૧૮/૧૧/૨૦૨૫ તથા તા.૧૯/૧૧/૨૦૨૫ દરમ્યાનમાં હાલના અરજદાર/આરોપી દ્વારા અન્ય મળતીયા આરોપીઓ સાથે મળી આ એકાઉન્ટમાં ૧.૪૫,૩૧,૦૦૬/– જેટલા ટ્રાન્સફર કરાવેલ હોય જેથી અરજદાર/ આરોપી મુખ્ય માસ્ટર માઈન્ડ આરોપી હોવાનું જણાય આવેલ છે. અરજદાર/આરોપીને પોલીસ કસ્ટડીમા રાખી તપાસ કરવામાં આવે તો સંડોવાયેલ એકાઉન્ટોમાં આવેલ કરોડો રૂપીયા કયાંથી આવેલ છે અને કોને મોકલેલ છે તે બાબતેની તપાસ કરી ગુનાના મુળ સુધી પહોંચી શકાય તેમ છે.

વધુમાં અરજદાર/આરોપી દ્વારા ગુનામાં પ્રત્યક્ષ ભુમીકા ભજવેલ હોય જેમાં પોતાના વતન આસામ રાજ્ય ખાતે તમામ આરોપીઓને સાયબર ફ્રોડની એકાઉન્ટ સબંધીત ગુનાહીત પ્રવુતી કરવા માટે બોલાવી તેઓને ગુવાહાટી ખાતેની હોટલ મેપલ હોમ સ્ટે નામની હોટલમાં તા.૧૭/૧૧/૨૦૨૫ થી તા.૦૫/૧૨/૨૦૨૫ સુધી હોટલ બુકીંગ કરી આપેલ હોય જેની માહીતી તપાસ દરમ્યાન મળી આવેલ છે તેમજ આરોપીઓના કોલડીટેલ એનાલીસીસમાં પણ એકબીજા સાથે વાતચીત થયેલ હોવાના પુરાવાઓ મળી આવેલ છે આમ, આરોપી દ્વારા ગુનામાં પ્રત્યક્ષ ભુમીકા ભજવેલ હોવાનુ જણાય આવે છે. હાલના આરોપીએ તમામ આરોપીઓના એકબીજા સાથે થયેલ કનેક્શન તેમજ આસામ ખાતે જ કેમ? આ એકાઉન્ટોનો ઉપયોગ કરવામાં આવેલ હોય જે બાબતોની તપાસ કરવા આરોપીને પોલીસ કસ્ટડીમાં રાખી તપાસ કરવાની જરૂર છે.

વધુમાં અગાઉ પકડાયેલ આરોપી વિશાલ ગામીતના ICICI BANK માં એકાઉન્ટ નં 139505500581 નાઓ વિરુધ્ધમાં

બાવળા તથા હેદરાબાદ ખાતે ગુનાઓ સહીત NCCRP ફરીયાદો છે તથા નિસર્ગ ગામીતના CICI કરન્ટ બેંક એકાઉન્ટ નં 49340500328 એકાઉન્ટ વિરુધ્ધમાં ૧૭ જેટલી NCCRP ની ફરીયાદો હોય જેથી આ તમામ અરજી તથા ગુનાઓમાં અરજદાર/આરોપીઓએ ભાગ ભજવેલ હોય જેથી તે બાબતેની તપાસ કરવાની હોય જેથી આ ગુના ઉપરાંત દેશભરના અલગ અલગ ગુનાઓની તપાસને અસર થઈ શકે તેમ છે અને અરજદાર/આરોપીની અન્ય ગુનાઓમાં સંડોવણી બાબતેની તપાસ હાલ ચાલુ હોય જેથી અરજદાર/આરોપીના આગોતરા જામીન ના મંજુર કરવા વિનંતી છે. અરજદાર/આરોપી વોન્ટેડ આરોપી ગેનુસિંધ સોમુલાનાયક ચવાણ રહે. કર્ણાટક સાથે મળી અગાઉ પકડાયેલ આરોપીઓના બેક ખાતુ કમિશનથી ભાડે મેળવેલ હોય જેથી આ બંન્ને આરોપી નાઓની પોલીસ કસ્ટડીમાં ગુના સબંધી પુછપરછ કરવામાં આવે તો જ આ એકાઉન્ટોમાં આવેલ કરોડો રૂપીયાના મુળ સુધી પહોંચી દેશના અલગ અલગ સાયબર ફ્રોડનો ભોગ બનનાર નાગરીકોને ન્યાય અપાવી શકાય તેમ છે અને અરજદાર/આરોપીને આગોતરા જામીન આપવામાં આવે તો જામીન મુક્ત થયેથી ગુનાના પુરાવાઓને અસર કરી શકે તેમ હોય તેમજ વોન્ટેડ આરોપીને તપાસથી વાકેફ કરી નાસી ભગાડી શકવામાં મદદરૂપ થઈ શકે તેમ છે. અરજદાર/આરોપીને દેશભરના નાગરીકો સાથે ફ્રોડ કરવા સારૂ એકાઉન્ટ હોલ્ડરોને કમિશનની લાલચ આપી તેઓને પુરતી વ્યવસ્થા કરી આપી આસામ રાજ્ય ખાતે બોલાવી સાયબર ફ્રોડ આચરતા હોય જેથી અરજદાર/આરોપીને આગોતરા જામીન આપવામાં આવશે તો ફરીથી આવા પ્રકારની પ્રવતી ચાલુ રાખી ગુનાઓ આચરી શકે તેવી શક્યતા નકારી શકાય તેમ નથી.

(૮) ત.ક.અમલદારનુ સોંગદનામુ તથા પોલીસ પેપર્સ વંચાણે લેતા સહ આરોપીના ICICI BANK માં એકાઉન્ટ નં 139 505500*** ના વિરુધ્ધમાં હૈદરાબાદ તથા ગુજરાત બાવળા ખાતે ગુનાઓ દાખલ

થયેલ હોય તેમજ ICICI કરન્ટ બેંક એકાઉન્ટ નં 493 405000*** એકાઉન્ટ વિરુધ્ધમાં ૧૫ જેટલી NCCRP ની ફરીયાદો હોય જેથી તમામ ગુનાઓમાં અરજદાર/આરોપીઓએ ભાગ ભજવેલ હોય જેથી તે બાબતને તપાસ ચાલુ હોવાથી અને તે ગુના અંગેની જરૂરીયાતની તપાસ અલગ અલગ ગુનાઓમાં ચાલુ હોય. જેથી હાલના ગુના ઉપરાંત દેશભરના અલગ અલગ ગુનાઓની તપાસને અસર થઈ શકે તેમ છે અને અરજદાર/આરોપીની અન્ય ગુનાઓમાં સંડોવણી બાબતેની તપાસ હાલ ચાલુ હોય છે.

(૯) આ કામના અરજદાર/આરોપી વિરુધ્ધ સબળ અને મહત્વના પુરાવા છે અને તપાસ દરમ્યાન તેઓએ ગુનામાં પ્રત્યક્ષ ભુમીકા ભજવેલ હોય જેથી તેઓને જામીન ઉપર છોડવામાં આવે તો તે પોતાના સહ આરોપી સાથે મળીને લોકોને ઓનલાઇન સાયબર ક્રાઇમની પ્રવૃતિ ચાલુ કરી શકે તેમ છે તેમજ વોન્ટેડ આરોપીઓને નાસી ભગાડી શકવાની સંભાવના પણ નકારી શકાય નહી અને સમાજની આર્થિક પ્રણાલીને પણ ખુબ જ મોટુ નુકશાન થઇ શકે તેમ હોય તેમજ હાલમાં વધી રહેલ સાયબર ક્રાઇના ગુનાઓ ઉપર અંકુશ મેળવવો જરૂરી હોય ન્યાયના હીતમાં તમામ હકીકતો ધ્યાનમાં લઇને અરજદાર/ આરોપીને જામીન આપવા જોઇએ નહી અને અરજદાર આરોપીની જામીન અરજી રદ કરવા વિનંતી છે.

(૧૦) ત.ક.અમલદારનુ સોંગદનામુ તથા પોલીસ પેપર્સ વંચાણે લેતા પોલીસ તપાસ દરમ્યાન હાલના આરોપી, સહઆરોપી સાથે મળી છેતરપીંડીની રકમ-રૂપિયા ૧,૪૫,૩૧,૦૦૬/- રૂપિયાની માતબર રકમનો સાઇબર ફ્રોડનો ગુનો કરેલ છે જે ગુનામાં આરોપીનું ગુનો નોંધાયેલ તે સમયે FIR માં નામ ન હતુ પરંતુ પોલીસ તપાસ દરમ્યાન હાલના આરોપીની નામ ખુલવા પામેલ છે. અરજદાર/ આરોપી પોતે સાયબર ફ્રોડ દ્વારા લોકો સાથે છેતરપીંડી કરવાનું જાણતા હોવા છતા નાંણાકીય લાભ લેવા સારૂ પોતાના બેન્ક એકાઉન્ટનો ઉપયોગ કરી

નાણા સગેવગે કરતા આવેલ છે. અરજદાર/આરોપીને જામીન ઉપર મુક્ત કરવામાં આવે તો વોન્ટેડ આરોપીને નાસી ભગાડવામાં મદદરૂપ બનશે. હાલના આરોપીએ, સહ આરોપી સાથે મળી સદર ગુનાને અંજામ આપેલ હોય અને આરોપીએ આચરેલ ગુનાહીત પ્રવુતીની તપાસ ચાલુ હોય જેથી અરજદાર/આરોપીને જામીન આપવામાં આવે તો પુરાવાને ચેડા કરી શકે તેની શક્યતા નકારી શકાય તેમ નથી.

(૧૧) હાલના સમયમાં ''ઓનલાઈન યુગમાં" દિન–પ્રતિદિન સાયબર ક્રાઈમના બનાવો ખુબ જ વધવા પામેલ છે, જેમાં આવા પ્રકારના ગુનાઓમાં આરોપીઓને ટેકનીકલ તેમજ ફિલ્ડ વર્કથી પકડવા ખુબ જ જરૂરી છે અને આવા આરોપી વિરૂધ્ધ પુરાવો એકત્ર કર્યા બાદ જો આરોપીને સરળતાથી જામીન ઉપર મુકત કરવામાં આવે તો કાયદાનો ડર ઓછો થવાની સંભાવના રહેલ હોય છે. તેમજ અરજદર/આરોપીના આવા કૃત્ય થી સમાજના નિર્દોષ લોકો અવાર નવાર ભોગ બનતા હોય છે.

(૧૨) તપાસ દરમ્યાન રેકર્ડ પર આવેલ પુરાવો ધ્યાને લેતાં, આરોપીની આ ગુનામાં સંડોવણી હોવાનુ પ્રથમ દર્શનીય રીતે જણાય છે. હાલના ગુનાની પોલીસ તપાસ નાજુક તબકકેથી પસાર થઈ રહેલ છે. આરોપીને હાલના તબકકે જામીન ઉપર મુકત કરવામાં આવે તો ફરીથી આવા પ્રકારની પ્રવૃતિમાં જોડાશે તેવી શકયતા નકારી શકાય નહી. તેમજ હાલના ગુનાની તપાસ ચાલુ છે અને વોન્ટેડ આરોપીની ધરપકડ બાકી છે. જો હાલના તબકકે આરોપીને જામીન પર મુકત કરવામાં આવશે તો નહી પકડાયેલ આરોપીને પોલીસના સંકજામાંથી દુર રાખવાનો પ્રયત્ન કરે તેવી પણ સંભાવના નકારી શકાય નહી, જેની ગંભીર અસર કેસની તપાસ પર પડે તેમ છે. બીજુ કે, આવા ગુનાની

ગંભીર અસર સમાજ તથા દેશની આર્થિક પરિસ્થિતિ પર પડે છે તે હાલની અરજીના નિર્ણય કરવાના સમયે ધ્યાને લેવુ આવશ્યક છે. આમ ઉપરોકત તમામ હકીકતો ધ્યાનમાં લઇને હાલના તબકકે અરજદાર/આરોપીની તરફેણમાં વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવો ઉચિત જણાતુ નથી. વધુમાં પોલીસ તપાસ ચાલુ અને વોન્ટેડ સહ આરોપીની ધરપકડ કરવાની બાકી છે.

(૧૩) ત.ક.અમલદારના સોંગદનામું વંચાણે લેતા, સદર ગુનાની પોલીસ તપાસ ખુબ જ નાજુક તબકકામાં છે, આ કામે આરોપી અન્ય રાજયના રહેવાસી હોવાથી તપાસ દરમ્યાન કે ટ્રાયલ દરમ્યાન ગેરહાજર રહે તેવી પુરેપુરી શકયતા છે.

(૧૪) આ ગુનો શાંતચીતે પરિણામોની જાણકારી સાથે કરવામાં આવેલ છે. આરોપીને જામીન મુકત કરવામાં આવે તો સમાજમાં તેની વિપરીત અસર થાય, ગરીબ અને નિર્દોષ લોકો તેનો ભોગ બને તથા કાયદાનો કે પોલીસનો ભય રહે નહી. આ તમામ સંજોગોમાં ગુનાની ગંભીતા જોતા, આરોપીની વર્તણૂક જોતા, તપાસ નાજુક તબકકે હોય, આરોપી અન્ય મુળ આસામ રાજયનો વતની/રહેવાસી હોય તપાસમાં અડચણ ઉભી કરી તેવી શયકતા છે તેમજ સાક્ષી પુરાવા સાથે ચેડા થવાની શકયતા છે તેમજ તપાસમાં સાથ–સહકાર ન આપે તેવી શકયતા છે, પોલીસ પેપર્સ જોતા આરોપી સામે કોઈ ભેદભાવ રાખી ખોટો ગુનો દાખલ કરેલ હોય તેવુ જણાતુ નથી.

(૧૫ ) આમ ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતા તથા ''નામદાર સુપ્રિમ કોર્ટ''ના ઉપરોકત ચુકાદામાં આવેલ ગાઈડલાઈન મુજબ આગોતરા જામીન અરજી નિર્ણિત કરતી વખતે આરોપીની પર્સનલ લીબર્ટી

સાથે તપાસ કરનાર અમલદારનો તપાસ કરવાના હકક વચ્ચે બેલેન્સ રાખવાની જરૂર છે. આ કિસ્સામાં ગુનાની ગંભીરતા જોતા આરોપીનો રોલ જોતા કરેલ તથા કરવાની બાકી રહેલ તપાસ જોતા તથા કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશની જરૂરીયાત હોય આરોપીની જામીન અરજી મંજુર કરવા પાત્ર જણાતી ન હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–// હુકમ //–**

અરજદાર/આરોપી બીકી ભુયાન ખગેશ્વર, રહે. ગામ હાતીગઢ, કરચું ગ સતરા પોસ્ટ બાલીગાંવ, નૌગાંવ, આસામની હાલની ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૦૨૩ ની કલમ–૪૮૨ અન્વયેની આગોતરા જામીન ઉપર મુકત થવા માટેની અરજી **નામંજુર** કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૦૭, માહે માર્ચ, સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૭/૦૩/૨૦૨૬
તાપી મું.વ્યારા.

**(એ.બી.ભોજક)**
અધિક સેશન્સ જજ,
તાપી,મું.વ્યારા.
(કોડ : જીજે ૦૦૪૭૬)

*// P.S.PATEL //*